# ગુજરાત બનાવવા ૫૬ ઈંચની છાતી જોઈએ : મોદી

ગોરખપુર,તા. ૨૩

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે વિજયશંખનાદ રેલીમાં કેન્દ્રની યુપીએ સરકાર અને ઉત્તરપ્રદેશમાં અખિલેશ સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. ઉપરાંત મોદીએ મુલાયમસિંહ યાદવની પણ ઝાટકણી કાઢી હતી. મોદીએ છાતી ઠોકીને કહ્યું હતું કે, ગુજરાત બનાવવા માટે ૫૬ ઈંચની છાતીની જરૂર છે. ગુજરાતના વિકાસ માટે લોકોએ ખૂબ મહેનત કરેલી છે. નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મતિથિ ઉપર તેમને યાદ કરતા મોદીએ કહ્યું હતું કે, જો તેમને ૬૦ મહિનાનો સમય મળશે તો લોકોને વિશ્વાસ અને આરામની લાઈફ મળશે. મોદીએ એમપણ કહ્યું હતું કે, તેમને ખુશી છે કે, તેઓ જ્યાં પણ જાય છે ત્યાં પિતા-પુત્ર તેમનો પીછો કરે છે. આ લોકો કહે છે કે મોદીની હેસીયત ગુજરાત બનાવવાની નથી. મોદીએ ટકોરમાં કહ્યું હતું કે, નેતાજી આપ જાણો છો ગુજરાતનો મતલબ શું થાય છે? ગુજરાતનો મતલબ ૨૪ કલાક વિજળી, કૃષિમાં ૧૦ટકા વિકાસદર. મોદીએ કહ્યું હતું કે, નેતાજી સાચું કહે છે કે, અમે ગુજરાત બનાવી શકતા નથી. પરંતુ વાસ્તવિક્તા એ છે કે, ગુજરાત બનાવવા માટે ૫૬ ઈંચની છાતી જોઈએ. છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં શાંતિ છે. નેતાજી આપ આ બાબત શક્ય કરી શકવાની સ્થિતિમાં નથી. ઉત્તરપ્રદેશમાં લોકોએ શાનદાર સમર્થન આપ્યું છે છતાં લોકોની અપેક્ષાઓ પૂરી થઈ નથી. લોકોને પુરતા પ્રમાણમાં નોકરી મળી નથી. સુરક્ષા પણ મળી નથી. મુલાયમસિંહ અને સમાજવાદી પાર્ટીના કારણે રાજ્યમાં બરબાદીની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. મોદીએ કહ્યું હતું કે, એકલા ઉત્તરપ્રદેશમાં દેશની ગરીબી દૂર કરવાની ક્ષમતા રહેલી છે. મોદીએ ઉમેર્યુ હતું કે, કામનો વિરોધ સમજી શકાય તેવી બાબત છે પરંતુ કોંગ્રેસના નેતાઓ અમારી ગરીબીની મજાક કરી રહ્યા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, માત્ર ચાવાળાનો વિષય છે. તેમના એક નેતાનું કહેવું છે કે ૧૨ રૂપિયામાં ભોજન મળી જાય છે. જ્યારે અન્ય નેતા કહે છે કે પાંચ રૂપિયામાં મળે છે. ગરીબો માટે હાસ્યાસ્પદ સ્થિતિ ઉભી થઈ છે. મોદીએ કહ્યું હતું કે, આગામી ચુંટણી માટેનું ટ્રેલર તાજેતરમાં જ પૂરી થયેલી વિધાનસભાની ચુંટણીમાં લોકો જોઈ



ચુક્યા છે. ચાર રાજ્યોમાં ભાજપને લોકોએ પસંદ કર્યા છે. મોદીનું કહેવું હતું કે, કેટલાક લોકો પોતાને દલીતો અને પછાત મતના ઠેકેદાર તરીકે ગણે છે પરંતુ વાસ્તવિક્તા એ છે કે, આ લોકોની સ્થિતિને પણ સુધારવામાં સફળતા મળી નથી. રાજસ્થાનમાં અનુસૂચિત જાતી માટે ૩૪ બેઠકો રિઝર્વ છે પરંતુ કોંગ્રેસને એક પણ બેઠક મળી નથી. ભાજપે ૩૨ બેઠકો પર જીત મેળવી છે. છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. તેમણે કહ્યું હતું કે, ગોરખપુરની જમીન અમારી મહાન સંસ્કૃતિને આગળ વધારવાનું કામ કરી રહી છે. મોદીએ ઉમેર્યુ હતું કે, ચુંટણી ઘણી બધી આવી છે પરંતુ આ એક એવી ચુંટણી છે જે અંગે નિર્ણય લોકો પહેલાથી જ કરી ચુક્યા છે. કોંગ્રેસને સત્તાથી દૂર કરવાનો નિર્ણય લોકો કરી ચુક્યા છે. કોંગ્રેસ મુક્ત ભારતનું સ્વપ્ન ચોક્કસપણે સાકાર થશે. ૧૫મી ડિસેમ્બરના દિવસે રન ફોર યુનિટીમાં સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે જુદા-જુદા વિસ્તારોમાંથી લોકો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા.

**આમ આદમી પાર્ટીની પણ જોરદાર ટીકા**

## સપા ઉત્તરપ્રદેશના વિકાસમાં અડચણરૂપ : રાહુલનો દાવો

### અમેઠીને સર્વશ્રેષ્ઠ જિલ્લા તરીકે બનાવવા માટેની રાહુલની ઈચ્છા : બહેન પ્રિયંકા વાઢેરાની પણ કાર્યકરો સાથે ચર્ચા

લખનૌ,તા.૨૩

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી વિકાસ આડે અડચણ સમાન છે. સમાજવાદી પાર્ટીના શાસનમાં વિકાસની પ્રક્રિયા અટવાઈ પડી છે. તેમના અમેઠી સંસદીય મત વિસ્તારમાં પણ વિકાસની પ્રવૃત્તિ અટકી ગઈ છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, અમેઠીને તેઓ દેશમાં સર્વશ્રેષ્ઠ જિલ્લા તરીકે બનાવવાની ઈચ્છા ધરાવે છે પરંતુ ખરાબ રસ્તાઓ અને વિજ પુરવઠાના અભાવના પરિણામ સ્વરૂપે સ્થિતિમાં સુધાર થઈ રહ્યો નથી. માર્ગ અને વિજળીની સ્થિતિ ખૂબ જ નિરાશાજનક છે. રાજ્ય સરકાર વિકાસની પ્રક્રિયા આડે અડચણ રૂપ બની રહી છે. તેઓ અમેઠીને નવ રાજમાર્ગ સાથે જોડવાની ઈચ્છા ધરાવે છે. રાહુલે પક્ષના કાર્યકરો અને સ્થાનિક રિપોર્ટરો સાથે તેમની બે દિવસની મુલાકાતના બીજા દિવસે વાતચીત કરી હતી અને કહ્યું હતું કે, રાજ્ય સરકાર વિકાસના કામ માટે ગંભીર નથી. લોકોની અંદર જવા માટે રાહુલ ગાંધી જાણીતા રહ્યા છે. યુપીએ સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી જન કલ્યાણની યોજના અંગે લોકોને માહિતી આપવા રાહુલ ગાંધી પક્ષના કાર્યકરો અને સમર્થકોને અપીલ કરી હતી. આમ આદમી પાર્ટી અને તેના નેતા કુમાર વિશ્વાસની ઝાટકણી કાઢતા ગાંધીએ કહ્યું હતું કે, કેટલાક લોકો અમેઠીમાં આવ્યા છે અને ઘણા જતા રહ્યા છે. પરંતુ તેઓ અહીં જ રહ્યા છે. ગાંધીએ અમેઠીમાં જાયસ ખાતે કાર્યકરો સાથે બેઠક યોજી હતી. તેમની બહેન પ્રિયંકાગાંધી વાઢેરાએ પણ ગેસ્ટ હાઉસમાં પક્ષના કાર્યકરો સાથે વાતચીત કરી હતી રાહુલ ગાંધીની સામે અમેઠીમાંથી કુમાર વિશ્વાસ ચુંટણી લડવાની જાહેરાત કરી ચુક્યા છે. કુમાર વિશ્વાસની હાલમાં રાજ્યમાં વ્યાપક ટિકા થઈ રહી છે. કુમાર વિશ્વાસે મહિલાઓના સંદર્ભમાં વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી.

## શંકરાચાર્યે મોદી અંગેના પ્રશ્ન ઉપર પત્રકારને તમાચો માર્યો

ગ્વાલિયર, તા. ૨૩

દ્વારકા અને જ્યોતિષ પીઠના શંકરાચાર્ય જગતગુરૂ સ્વરૂપાનંદ સરસ્વતીએ આજે નરેન્દ્ર મોદીના પ્રશ્નો ઉપર એક પત્રકારને તમાચો માર્યો હતો. આ બનાવના કારણે ભારે ઉત્તેજના અને સનસનાટી ફેલાઈ ગઈ હતી. હકીકતમાં પત્રકારે શંકરાચાર્યને મોદી વડાપ્રધાન બનશે કે કેમ તેને લઈને



પ્રશ્ન કર્યો હતો. પત્રકારના આ પ્રશ્ન બાદ શંકરાચાર્ય ભારે ક્રોધિત થઈ ગયા હતા. સ્વરૂપાનંદ સરસ્વતી અલહાબાદમાં ચાલી રહેલા માઘ મેળામાં જવા માટે શ્રીધામથી જબલપુર પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન કેટલાક પત્રકારો પણ તેમને મળવા પહોંચ્યા હતા. એક ટીવી ચેનલના પત્રકારે નરેન્દ્ર મોદીના વડાપ્રધાન અંગે પ્રશ્ન કર્યો હતો જેથી શંકરાચાર્ય લાલઘુમ થઈ ગયા હતા. પત્રકારને તમાચો મારી શંકરાચાર્યે કહ્યું હતું કે, બિનજરૂરી વાત કરવાનો કોઈ હેતુ નથી તેઓ રાજનીતિ ઉપર વાત કરવા ઈચ્છુક નથી. મોડેથી પત્રકારો સાથે વાતચીત કરતા શંકરાચાર્યે કહ્યું હતું કે, મોદી પીએમ બનવાને લઈને તેમને કોઈ વાંધો નથી. તેઓ ઈચ્છે છે કે મોદી પીએમ બને પરંતુ મોદીએ સ્પષ્ટતા કરવી જોઈએ કે, તેઓ શું ઈચ્છે છે. બીજી બાજુ શંકરાચાર્યના આ કૃત્યને લઈને તેમના શિષ્યો બચાવના મૂડમાં દેખાયા હતા.

દ્વારકા અને જ્યોતિષપીઠના શંકરાચાર્ય સ્વરૂપાનંદને કોંગ્રેસના નજીકના ગણવામાં આવે છે. કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહ તેમના શિષ્ય તરીકે છે. તેઓ સ્વતંત્રતા સેનાની પણ રહી ચુક્યા છે.

## એએપીની ટિકિટ ઉપર ચૂંટણી લડવા કુલ ૨૫૦૦ અરજીઓ

લખનૌ,તા.૨૩

ઉત્તરપ્રદેશમાં આમ આદમી પાર્ટીએ સભ્યપદ માટેની જોરદાર ઝુંબેશ હાલમાં ચલાવી છે જેને સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. આમ આદમી પાર્ટીની ટીકીટ ઉપર ચુંટણી લડવા મોટી સંખ્યામાં લોકો આગળ પણ આવી રહ્યા છે.

મળેલી માહિતી મુજબ ૨૫૦૦થી વધુ લોકો આમ આદમી પાર્ટીની ટીકીટ માટે અરજી કરી ચુક્યા છે. આનો મતલબ એ થયો કે, ઉત્તરપ્રદેશમાં પ્રતિ મત વિસ્તાર ૩૦ જેટલી સરેરાશ અરજીઓ થઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં તમામ ૮૦ બેઠકો ઉપર ઉમેદવાર ઉતારવાની જાહેરાત આમ આદમી પાર્ટી દ્વારા પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. આમ આદમી પાર્ટી ઉત્તરપ્રદેશ યુનિટની સ્ક્રીનિંગ કમેટીના સભ્ય મનુજસિંહે કહ્યું છે કે, અમે યોગ્ય અને મજબૂત ઉમેદવારની શોધ કરી રહ્યા છીએ. ઘણા ઉમેદવારોએ સંપૂર્ણપણે ભરેલા ફોર્મ સુપ્રત કર્યા નથી. જ્યારે કેટલાકની ઈમેજ સારી રહી નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, લખનૌ, કાનપુર અને ગાઝીયાબાદ જેવા શહેરોમાં જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. લખનૌમાં ટીકીટ માટે ૧૨૦, ગાઝીયાબાદમાં ૧૫૦ અને કાનપુરમાં ૫૦ અરજીઓ આવી ચુકી છે. વારાણસી, ગોરખપુર અને પ્રતાપગઢ જેવા વિસ્તારોમાં પણ આમ આદમી પાર્ટીને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રાથમિક સ્તરે પક્ષની સ્થિતિને સુધારવાના પ્રયાસ ચાલી રહ્યા છે. કુમાર વિશ્વાસ અમેઠીમાં રાહુલ ગાંધી સામે ચુંટણી લડનાર છે જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ રાયબરેલીમાં સોનિયા ગાંધી સામે મેદાનમાં ઉતરી શકે છે. જોકે કેજરીવાલ રાજનાથસિંહ સામે ગાઝીયાબાદમાં પણ ચુંટણી લડવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓ પણ મોટા નેતાઓ સામે ચુંટણી મેદાનમાં ઉતરવાની ઈચ્છા ધરાવે છે. આમ આદમી પાર્ટીની છેલ્લા કેટલાક દિવસમાં કેટલાક પગલાના પરિણામ સ્વરૂપે પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે જેથી આમ આદમી પાર્ટીમાં જોડાવાની ગતિવિધી ધીમી પડી છે.

## સમાચાર ઝલક

- ઘાસચારા કૌભાંડમાં ૧૯ વ્યક્તિઓને ગુનેગાર ઠેરવવા રાંચીની સીબીઆઇ કોર્ટનો ચુકાદો.
- સુભાષ ચંદ્ર બોઝની ૧૧૮મી જન્મજયંતિ ઉજવાઇ, મુખ્ય કાર્યક્રમ દાર્જીલીંગમાં યોજાયો.
- ગુજરાતના ૨૦૦થી વધુ માછીમારો પાકિસ્તાનની જેલમાં હોવાથી ગુજરાત સરકારે તેમને છોડવા કેન્દ્રની દરમિયાનગીરીની માગણી કરી.
- ભદ્રના કિલ્લા સામે થતાં બાંધકામ સામે કોર્ટમાં રીટ કરાઇ.
- માધ્યમિક શાળાઓમાં પણ ગુણોત્સવ કાર્યક્રમ યોજાયો.
- ધાનેરા નજીક ટ્રેન અડફેટે માતા-પુત્રીનું મોત.
- ગુજરાતનો કૃષિ વિકાસ ૭ % દેશમાં શ્રેષ્ઠ છે : ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ
- અમેરિકામાં ૧૨ ઇંચ બરફવર્ષાથી અનેક ઉડ્ડયનો રદ્દ થતાં મુસાફરો અટવાયા.
- ઓસ્ટ્રેલિયામાં ૧૦૦ જેટલાં ગુનેગારો પકડી કરોડો રૂપિયાનો ડ્રગ્સ જપ્ત કરાયો.
- ઊંઝાની બેંકમાં ૭૧ લાખની ખોટા ચેકો દ્વારા છેતરપીંડી થઇ.
- તાપી જિલ્લાના બાજીપુરા હાઇવે પર એસિડ ભરેલું ટેન્કર ઉથલી પડ્યું.
- દ્વારકાના શંકરાચાર્યએ પત્રકારને લાફો માર્યો.
- પશ્ચિમ બંગાળમાં આદિવાસી યુવતી પર બળાત્કાર મામલામાં ૧૩ વ્યક્તિઓની ધરપકડ કરાઇ, જેમાં ગામનાં સરપંચનો સમાવેશ થાય છે.
- શુટીંગ દરમિયાન શાહરૂખખાનને ઇજા થતા નાણાંવટી હોસ્પિટલમાં દાખલ થયા.
- ગોરખપુરમાં વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદીની રેલીમાં બે વ્યક્તિઓ ધારદાર ચાકુ સાથે ઝડપાયા.
- તંત્રની બેદરકારીને લીધે વડોદરા રેલ્વે સ્ટેશન પર માવઠાથી ઘઉં જથ્થો પલળી ગયો.
- દિલ્હીના બનાવથી ભારત-યુગાન્ડાના સંબંધોને અસર નહિ.
- મુંબઇમાં વીજળીના ભાવ ઘટાડવા કોંગ્રેસી સાંસદ સંજય નિરૂપણે ઉપવાસ શરૂ કર્યા.
- સિરીયામાં શાંતિ સ્થાપવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘના બંને પક્ષો સાથે વાટોઘાટો શરૂ થયો.
- ગુજરાતનાં કોંગ્રેસી નેતા શક્તિસિંહ ગોહીલ દિલ્હીમાં રાષ્ટ્રીય પ્રવક્તા તરીકે નિમાયા.

## શાહરૂખ ખાનને શુટિંગવેળા ઈજા : હોસ્પિટલમાં દાખલ

મુંબઈ, તા. ૨૩

બોલીવુડના સુપર સ્ટાર અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મના શુટિંગવેળા ઈજા થયા બાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ફરાહખાનની ફિલ્મ હેપ્પી ન્યુ યરના શુટિંગવેળા શાહરૂખને નજીવી ઈજા થઈ હતી. ફાઈવસ્ટાર હોટલ જેડબ્લ્યુ મેરીએટ હોટેલમાં શુટિંગવેળા શાહરૂખને ઈજા થઈ હતી. ત્યારબાદ શાહરૂખને નાણાવટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મળેલી માહિતી મુજબ શાહરૂખ ખાન ઉપર ડોર પડી જતાં તેને નજીવી ઈજા થઈ હતી. જોકે શાહરૂખ ખાન બિલકુલ સ્વસ્થ છે. તે ટૂંક સમયમાં જ ફરી શુટિંગ શરૂ કરી શકશે. નાણાવટી હોસ્પિટલમાં તબીબ અશોક હાટોલકરે કહ્યું છે કે, શાહરૂખને નજીવી ઈજાઓ થઈ છે હવે તે બિલકુલ સ્વસ્થ છે. શાહરૂખ ખાનની ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, શુટિંગવેળા સેટ ઉપર તેને નજીવી ઈજા થઈ હતી. તેને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી છે.

સંપર્ક કરવામાં આવતા ફિલ્મના અન્ય અભિનેતા સોનુ સુદે કહ્યું હતું કે, હોટેલના ડોર પડવાથી શાહરૂખને ઈજા થઈ છે. બનાવ બન્યો ત્યારે ફિલ્મના ભાગરૂપે રહેલા સોનુ સુદ પણ હાજર રહ્યો હતો.

## શિક્ષણ : બંધન માટે કે મુકિત માટે ?

(પાના નં. ૪ નું ચાલુ)

આ બંધન છે 'ટ્યૂશન'નું. મને બરાબર યાદ છે, હું ભણતો ત્યારે કોઇ ટ્યૂશન જ ન રાખતું. ટ્યૂશન તો કલંકરૂપ ગણાતું. 'અરે! તું ટ્યૂશને જાય છે?' એમ કહીને ટ્યૂશનમાં જનારને હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકતા. ટ્યૂશન કરવામાં વિદ્યાર્થી અને શિક્ષક બંને ક્ષોભજનક બંને ક્ષોભજનક સ્થિતિમાં મુકાતા. તેથી શિક્ષક પોતાની ગરિમા જાળવીને સતત, સખત અને સરસ ભણાવતા, તો વિદ્યાર્થી પૂરી એકાગ્રતાથી ભણતા. એ સમયમાં તો ગાઇડ વાપરવામાં પણ નાનપણ અનુભવાતી.

વાત કંઇ બહુ દૂરની તો નથી! ૪૦-૫૦ વર્ષ પહેલાંની છે. અત્યારે તો ટ્યૂશન વિનાના ભણતરની કલ્પના જ થઇ શકતી નથી. દિવસભર ટ્યૂશનનું ચક્ર ચાલ્યા જ કરે! વિદ્યાલયમાં ભણ્યા... ન ભણ્યા... ચાલશે. ટ્યૂશનમાં બરાબર ભણી લઈશું. એવો ભાવ નિર્માણ થતાં શિક્ષણનું તંત શિથિલ બન્યું. શિક્ષકો પણ વર્ગખંડમાં ભણાવવાને બદલે ખાનગી ટ્યૂશનમાં ભણાવવાનું પુણ્યકર્મ કરવા લાગ્યા!

ટ્યૂશનના આ બંધને વિદ્યાર્થીનું બાળપણ ઝૂંટવી લીધું. સિનિયર કે.જી.ના કે ધોરણ-૧-૨માં ભણતાં બાળકોને હોંશભેર ટ્યૂશનમાં મોકલતા માબાપ બાળકના બાળપણ સાથે ભયંકર દ્રોહ કરે છે. શું કરતું હશે બાળક ટ્યૂશનમાં જઇને? બધા માબાપ ને પોતાના બાળકને પોપટની જેમ પાંખો આપીને ઝડપથી ઊડતો કરવો છે. એના બાળપણનો રસકસ ચૂસી લઇને શું પામીએ છીએ આપણે? કદાચ નાના બાળકને ટ્યૂશને મોકલવો એ વર્તમાન સમાજમાં માબાપ માટે Stutus Symbol હશે...!

ટ્યૂશનનું બંધન એટલા માટે છે કે શિક્ષણને પણ ત્રિપાંખિયું બંધન છે... પાઠ્યક્રમ, પિરિયડ અને પરીક્ષા એમ ત્રણ 'પ'નું બંધન!

નિયત પાઠ્યક્રમ જ ભણવાનો... આઘું પાછું નહીં જોવાનું! યાદ ન રહે તો ગોખવાનું. પિરીયજ બદલાય તો, માંડ રસ પડ્યો હોય તે વિષય પડતો મૂકવાનો અને બીજો વિષય ભણવામાં શરૂ કરવાનું! બધું જ યંત્રવત્ ! કંઇ જીવંત નહીં... અને આ રીતે ગોખી-ગોખીને પરીક્ષામાં ૩ કલાકમાં 'આખું વર્ષ' ઠાલવી દેવાનું અને પછી 'હાશ' શબ્દ સાથે વાંચેલું બધું ભૂલી જઇને હળવા થઇ જવાનું... શિક્ષણનું આ સ્વરૂપ, નાનપણથી જ ચેતનવંતા જીવનને બંધનોથી જકડી દેતું આ શિક્ષણ બદલવું જ રહ્યું. વિકલ્પ શોધવો જ રહ્યો. ભણવું એ આનંદમૂલક પ્રક્રિયા બનવી જોઇએ, તાણયુક્ત નહીં જ!

ચાલો, આપણે નીકળી પડીએ ચેતનવંતા શિક્ષણની શોધમાં!

## લાખો LPG કનેક્શન બ્લોક થયા: બ્લેક માર્કેટીંગનો ભય

નવી દિલ્હી,તા.૨૩

સરકારે ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર (ડીબીટી) સ્કીમ માટે વાસ્તવિક ગ્રાહકોની ઓળખ કરવાના પોતાના અભિયાનમાં છેલ્લા વર્ષે ૮૭ લાખ કુકીંગ ગેસ (એલપીજી) કનેક્શન બ્લોક કરી દીધા છે. પરંતુ આનાથી ડિલર્સના વેચાણને મોટો ફટકો પડ્યો છે અને તેઓ આની ભરપાઈ કરવા માટે ફરી એકવાર કમીશન વધારવાની માંગ કરી રહ્યા છે. એલપીજી ડિલર્સ કમીશન વધારવાની માંગણી ઉપર ઉતરી જતાં ગેસ સિલીન્ડરની કિંમતમાં ફરી વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ડિલર્સનું કહેવું છે કે આટલી મોટી સંખ્યામાં કનેક્શન બ્લોક કરવાના પરિણામ સ્વરૂપે બ્લેક માર્કેટીંગને પ્રોત્સાહન મળી શકે છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ મિનિસ્ટ્રીના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે જે ગ્રાહકોએ પોતાના આધારકાર્ડ, ઓળખના પુરાવા અને બેંક એકાઉન્ટની માહિતી ઉપલબ્ધ કરાવી નથી તેમને એલપીજી સિલિન્ડર ડિલર્સ યાદીમાંથી બ્લોક કરી દેવામાં આવ્યા છે. કારણ કે આવા લોકો ઉફર કોઈપણ સત્તાવાર નોંધણીના સિલિન્ડરને ડાયવર્ટ કરવાની શંકા રહેલી છે. આનાથી આશરે ૫ કરોડ સિલિન્ડરના ડાયવર્ઝનને રોકી દેવાશે. પેટ્રોલિયમ કંપનીને વાર્ષિક ૪૦૦૦ કરોડ રૂપિયાની બચત કરવામાં આના લીધે મદદ મળશે. પેટ્રોલિયમ મંત્રાલયને આશા છે કે આનાથી એલપીજી સિલિન્ડરોની બ્લેક માર્કેટીંગને ઘટાડી શકાશે. કારણ કે એલપીજી સિલિન્ડર્સ ડિલર્સ આનાથી સહમત નથી. ઓલ ઈન્ડિયા એલપીજી ડિલર્સ ફેડરેશનના એક કારોબારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આટલી મોટી સંખ્યામાં કનેક્શન ગેરકાયદે જાહેર કરવાથી માંગણીને પૂરા કરવા માટે એક સેકેન્ડરી માર્કેટ બની જશે. એઆઈએલડીએફના લોકોનું કહેવું છે કે તેમના વેચાણ અને આવક આ પગલાંના કારણે ઘટી ગઈ છે. એસોસીએશનના એક અધિકારીએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટના આ પગલાં હેઠળ હવે આધારકાર્ડ સબસીડી લેવા અથવા એલપીજી સિલિન્ડર માટે જરૂરી નથી. પરંતુ સરકાર અને પેટ્રોલિયમ કંપની આના માટે ફરજ પાડી રહી છે. તેમને કહ્યું છે કે મલ્ટીપલ કનેક્શન ન હોવાથી તેમના પ્રોફિટમાં વધુ ઘટાડો થશે જેથી હવે પ્રતિ સિલિન્ડર કમીશન વધારવાની ફરજ પડી રહી છે. હાલમાં ૧૪.૨ કિલોગ્રામના સ્થાનિક એલપીજી સિલિન્ડર ઉપર કમીશનની રકમ ૪૦.૭૧ રૂપિયા છે. સબસીડીવાળા સિલિન્ડરની કિંમત ૪૧૪ રૂપિયા અને સબસીડી વગરના સિલિન્ડરની કિંમત ૧૨૪૧ રૂપિયા છે. એલપીજી કનેકશન પોર્ટેબિલીટી ૪૮૦ જિલ્લાઓમાં છે. પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ ઈન્ટર કંપની પોર્ટિબિલીટીની મંજૂરી આપી દીધી છે. સરકારે ઓક્ટોબરમાં આ સ્કીમની શરૂઆત ૧૩ જિલ્લાઓના ૨૪ જિલ્લાઓમાં કરી હતી. એલપીજીના ગ્રાહક પોતાની આસપાસના ડિલરો પૈકી પોતાની પસંદગી કરી શકશે.

## તેલંગાણા બિલ : ચર્ચા માટે મહેતલ લંબાવાઈ

હૈદરાબાદ,તા.૨૩


રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે તેલંગાણા બિલ ઉપર ચર્ચા કરવા આંધ્રપ્રદેશ વિધાનસભાને ૩૦મી જાન્યુઆરી સુધીની મહેતલ આપી હતી. તેનો અભિપ્રાય મોકલવા માટે આંધ્રપ્રદેશ વિધાનસભા માટે મહેતલ નક્કી કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ મહેતલ લંબાવી દેતા અટકળોનો અંત આવ્યો છે. વરિષ્ઠ અધિકારી રાજા સદારામે કહ્યું છે કે, રાષ્ટ્રપતિ વધુ એક સપ્તાહની મહેતલ ચર્ચા માટે આપી છે. આંધ્રપ્રદેશ રિ-ઓર્ગેનાઈઝેશન બિલ ૨૦૧૩ ઉપર ચર્ચા કરવા વિધાનસભાને વધુ મહેતલ મળી છે.

રાષ્ટ્રપતિના પત્રને વિધાનસભામાં વાંચીને સંભાળવવામાં આવ્યા બાદ આ દિશામાં વધુ કાર્યવાહી હવે શરૂ થશે. આંધ્રના ચીફ સેક્રેટરી પીકે મોહન્તીએ ગયા સપ્તાહમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પત્ર લખીને વધુ ચાર સપ્તાહ સુધીના સમયની માંગ કરી હતી.

## ખ્રિસ્તી ઉપર હુમલા મામલે કર્ણાટક-મહારાષ્ટ્ર ટોપ પર

મુંબઈ,તા.૨૩

વર્ષ ૨૦૧૩માં ખ્રિસ્તી સમુદાયના લોકો ઉપર કોમવાદી હુમલાની સંખ્યાના મામલામાં મહારાષ્ટ્ર સૌથી ઉપર છે. કર્ણાટક અને મહારાષ્ટ્રમાં ખ્રિસ્તી સમુદાયના લોકો ઉપર સૌથી વધુ કોમવાદી હુમલા થયા છે. મુંબઈ અને કર્ણાટક હાઈકોર્ટમાં પૂર્વ જજ જસ્ટિસ માઈકલ સેલદાનાના નેતૃત્વમાં એક સંસ્થા કેથોલીક સેક્યુલર ફોરમ (સીએસએફ) દ્વારા હાલમાં જ જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દેશભરમાં ખ્રિસ્તીઓને ટાર્ગેટ બનાવીને ૪૦૦૦થી વધુ ગુના બન્યા છે. એક વર્ષમાં ૧૦૦ ચર્ચ ઉપર હુમલા કરવામાં આવ્યા છે. છેલ્લા વર્ષમાં કર્ણાટકમાં ખ્રિસ્તી સમુદાયના લોકો ઉપર સૌથી વધુ હુમલા થયા છે. જ્યારે મહારાષ્ટ્ર આગામી હિંદુત્વ લેબોરેટરી તરીકે છે. કર્ણાટકમાં નવી સરકાર ખ્રિસ્તી ઉપર હુમલાના મામલે સંવેદનશીલ છે. જો કે મહારાષ્ટ્રમાં પોલીસ અને રાજ્ય



વહીવટી તંત્રની નીચલી સપાટી સંપૂર્ણપણે અથવા તો મોટાભાગે કેસરિયા રંગમાં રંગાયેલી છે. રિપોર્ટના લેખક અને સીએસએફના જનરલ સેક્રેટરી જોસેફ ડાયર્સ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં નન અને પાદરીઓ ઉપર હુમલા પણ થયા છે. તેમનું કહેવું છે કે અન્ય થોડાક લઘુમતી લોકો પણ ટાર્ગેટ બન્યા છે. ભારતના લઘુમતી ખ્રિસ્તી સમુદાય ઉપર વધતા જતા હુમલાની નોંધ લેવામાં આવી રહી છે. આને રોકવા માટે પગલાં પણ લેવાઈ રહ્યા છે પરંતુ હુમલાઓ જારી રહ્યા છે. ઓરિસ્સા, છતીસગઢ, મધ્ય પ્રદેશ, તામિલનાડુ, કેરળ સહિતના રાજ્યોમાં હુમલાઓ થઈ ચૂક્યા છે. ભારતભરમાં ખ્રિસ્તી વિરોધી હિંસામાં ૪૦૦૦ ખ્રિસ્તી લોકોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. આ હિંસામાં ૧૦૦૦થી વધુ મહિલાઓ અને ૫૦૦ બાળકો ભોગ બન્યા છે. ૧૦૦ જેટલા ચર્ચ અને પૂજાના સ્થળો ઉપર પણ હુમલા કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં તેમના ધર્મ બદલ સાત લોકોની હત્યા પણ કરવામાં આવી ચૂકી છે. ખ્રિસ્તી સમુદાય ઉપર હુમલા અંગેના આ અહેવાલથી રાજકીય પક્ષોમાં પણ ખળભળાટ મચી ગયો છે.